# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા. ૪-૫-૨૦૧૨**

મુખ્યમંત્રીશ્રીએ બોટાદ ખાતે પોતાની નિષ્ફળતાઓ અને ભ્રષ્ટાચારને છાવરવા માટે ગુજરાતના પત્રકારશ્રીઓ તેમજ પ્રેસ અને મીડીયાના માલિકો પર બેફામ આક્ષેપો કર્યા હતા. આજસુધી આ જ ગુજરાતના પ્રેસ અને મીડીયામાં મુખ્યમંત્રીશ્રીની સારી બાબતો આવતી હતી ત્યારે તેઓ અંગ્રેજી મીડીયાને ગુજરાત વિરોધી ગણીને ગાળો આપતા હતા અને હવે ગુજરાતનું તટસ્થ ગુજરાતી મીડીયા પ્રજાહિતની અને સત્ય હકીકત તેમજ મુખ્યમંત્રીશ્રીના ભ્રષ્ટાચારોને લોકો સમક્ષ મૂકે છે ત્યારે મુખ્યમંત્રીશ્રીને ન શોભે તેવી ભાષામાં ગુજરાતના પત્રકારો અને પ્રેસ મીડીયાને ગાળાગાળી કરવી તે ગુજરાતની અસ્મિતાનું અપમાન છે. હકીકતમાં, નર્મદાના નીર સૌરાષ્ટ્રના તમામ નાના-મોટા ડેમોમાં પાંચ વર્ષ પહેલાં પહોંચી જવા જોઈતા હતા. વર્તમાન મુખ્યમંત્રીશ્રીની પ્રસિદ્ધિની ભૂખ પાછળ અને ભ્રષ્ટાચારના કામો પાછળ કરોડો રૂપિયા વપરાયા, પરંતુ નર્મદાના પાણી જરૂરિયાતવાળા વ્યક્તિઓ સુધી પહોંચાડવાના આયોજન પાછળ ખર્ચ જ કરવામાં આવ્યો નથી. જ્યારે ચૂંટણી માથા પર આવી છે ત્યારે બોટાદમાં એક તળાવમાં જ પાણી પહોંચાડવાનું નાટક કરીને લોકોને ગુમરાહ કરવાનો મુખ્યમંત્રીશ્રીએ પ્રયત્ન કર્યો છે. ભાવનગરના પ્રજાવાત્સલ્ય કૃષ્ણકુમારસિંહજી મહારાજાસાહેબના પેંગડામાં પગ મૂકવાનો હલકો પ્રયત્ન પણ મુખ્યમંત્રીશ્રીએ બોટાદ ખાતે કરીને ભાવનગરની જનતાનું અપમાન કર્યું છે. કૃષ્ણકુમારસિંહજી મહારાજાસાહેબના નામને ખાબોચિયા સાથે સરખાવીને નેકનામદાર મહારાજાસાહેબનું ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ અપમાન કરેલ છે.

ભાવનગર શહેર પીવાના પાણી વગર ટળવળે છે, ત્યારે સિંચાઈ મંત્રીશ્રીએ કે મુખ્યમંત્રીશ્રીએ બોટાદ ખાતે ભાવનગરના પાણીના પ્રશ્ન માટે વ્યાજબી તાત્કાલિક ઉકેલીને જાહેરાત કરવાને બદલે ૧૫-૨૦ દિવસ બાદ માત્ર ૧૫ કે ૨૦ એમએલડી પાણી આપવાની જે વાત કરી છે તેનાથી ભાવનગરની જનતાને પીવાના પાણી માટેની અત્યંત મુશ્કેલીભરી પરિસ્થિતિનું નિર્માણ થશે. મહી-પરીએજ અને નર્મદામાં પૂરતું પાણી ઉપલબ્ધ હોવા છતાં સરકારની સંપૂર્ણ નિષ્ફળતાને કારણે ભાવનગરના લોકો પાણી વગર ટળવળી રહ્યા છે.

ભાવનગરને ઘેર-ઘેર ગેસ પહોંચાડી દેવાની ચૂંટણી સમયે જાહેરાત કરનારા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ આજે પાયા વગરની અને જૂઠ્ઠાણાંભરી વાત કરીને કેન્દ્ર સરકાર તરફ દોષ નાંખવાનો પ્રયત્ન કર્યો છે. હકીકતમાં, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ખોટી-ખોટી જાહેરાતો કરીને ચૂંટણી સમયે મતોનું રાજકારણ કરે છે, ત્યારબાદ કેન્દ્ર સરકાર પર આક્ષેપો કરીને જૂઠ્ઠાણાં ફેલાવે છે. ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને ચેલેન્જ કરી છે કે, ભાવનગરને ગેસ પૂરો પાડવાની બાબતમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે જે કોઈ બાબત છે તેનો સંપૂર્ણ પત્રવ્યવહાર શ્વેતપત્ર તરીકે જાહેર કરે. હકીકતમાં, રાજ્ય સરકાર જ જૂઠ્ઠાણાંઓ ફેલાવીને ભાવનગરને અન્યાય કરે છે.

ભાવનગરની અમરગઢ હોસ્પિટલના વિદ્યાર્થીઓને સાચવવાની જવાબદારી રાજ્ય સરકારની હતી. આમ છતાં, વિદ્યાર્થીઓને હાઈકોર્ટમાં જવું પડયું હતું અને કોંગ્રેસ પક્ષે વિધાનસભામાં આ મુદ્દા પર સરકાર સામે લડવું પડયું હતું. આ વિદ્યાર્થીઓની ચિંતા કરવાના બદલે કૌભાંડી કોલેજના સંચાલકોની ચિંતા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ કરીને તેમની કૌભાંડકારીઓ સાથેની મિલીભગત બોટાદમાં પ્રદર્શિત કરી હતી.

---

પ્રતિ, તંત્રીશ્રી,

ઉપરોક્ત પ્રેસનોટ આપના અખબારમાં પ્રદર્શિત કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહજી ગોહિલે વિનંતી કરી છે.

**(જે. જે. રસાણીયા)**

અંગત મદદનીશ